


"તલાક... તલાક... તલાક...!!"

"શું તાનમાં આવી ગયા છો..?! કેમ આટલા બધા મુડમાં..?!"

"સાહેબ... મુડમાં જ હોઈએ ને..?! આપણો દેશ... આપણો સમાજ સુધારાવાદી દેશોની હરોળમાં આવતો હોય તેનો તો આનંદ હોય ને..?!"

"...એટલે સુપ્રીમ કોર્ટના ચુકાદાની વાત કરો છો... એમજ ને..?!"

"કેમ તમને આ ચુકાદો નાનો સુનો લાગે છે..! ઐતિહાસિક છે... ઐતિહાસિક..! એક હજાર વર્ષથી ચાલી આવતી સ્ત્રી શોષણની પરંપરા તુટી ગઈ... મુસ્લિમ સમાજની મહિલા હવે આઝાદ બની..."

"હા... હા... હા... હા હું સમજુ છુ સ્ત્રી સશક્તિકરણ અભિયાનમાં એક નવો અધ્યાય ઉમેરાયો... પણ હજુ તો ઘણું બધું બાકી છે. અને સાંભળો, તમે લોકસભામાં કાયદો થઈ જાય... સુપ્રીમ કોર્ટ ચુકાદો આપી દે એ સારી જ બાબત છે પણ સમાજના ખુણે-ખુણે એનો માનસિક સ્વીકાર થાય એ એટલું જ જરૂરી છે."

"ખરા છો સાહેબ તમે હોં..! તમારો સ્વભાવ વિવેચકનો જ છે. કંઈ સુધારો નહિં કે કંઈ વધારો નહીં... તો તમને ચેન જ ના પડે ખરૂને..?!"

"જો ભાઈ..! સાચું કહીએ એટલે કોઈને ય ગમતું નથી... પણ તમે જ કહો દારૂબંધીનો કાયદો આપણે ઘડ્યો. એના અમલ માટે આખે આખુ તંત્ર ઉભુ કર્યું... પણ પરિણામ મારે કહેવાની જરૂર છે..?!"

"તમેય સાહેબ ક્યાંની ક્યાં પહોંચાડી વાત..! આ સામાજીક સુધારાની વાત છે. એમાં દારૂબંધીની વાત ક્યાં આવી..?"

"હં...હં... હં... દારૂબંધી એ સામાજીક સુધારાનો જ ભાગ છે... એટલી તો ખબર પડે ને ભાઈ..! અને હું તો એકલા દારૂબંધીની ક્યાં વાત કરૂ છું ?! બીજુ કહીશને તો ચટી જશે હોં..!"

"કહી નાખો... હવે કહેવા જ બેઠા છો તો કહી નાંખો..."

"ભ્રષ્ટાચાર કરવો અને પ્રોત્સાહિત કરવો એ ગુનો છે... એવું હું-તમે અને આપણે બધા જ જાણીએ છીએ અને છતાંય..!! ભગવાનની જેમ સર્વવ્યાપી છે ને..?!"

"એટલે કાયદો ઘડવો એ એક વાત છે અને અમલવારીની ઈચ્છા શક્તિ એ બીજી વાત છે... અને સર્વવ્યાપી સ્વીકાર માટેની લોક જાગૃતિ એ ત્રીજી વાત છે... સમજાયું તમને..?!"

"હા સમજાયું... સમજાયું... પણ સાહેબ શરૂઆત તો કરીને આપણે... અને જેની શરૂઆત જોરદાર તેનો અમલ પણ જોરદાર થશે... અને સમાચારોમાં તમે સાંભળ્યું ને કે બધા જ પક્ષોએ અને બધાજ સમાજોએ સુપ્રીમ કોર્ટના ચુકાદાને આવકાર્યો."

"આ પક્ષો બક્ષોની વાત છોડો... એ તો રાજકીય ખીચડી પકાવવા માટે તૈયાર જ હોય છે... પણ મુસ્લિમ સમાજ પ્રમાણિકતાથી સ્વીકારે તો સામાજીક ક્રાંતિનું આગવું કદમ ગણાય..."

"હં... અ... ચાલો ત્યારે તલાક ને તલાક આપીએ અને તેજસ્વીતાને વધુ તેજસ્વી બનાવીએ... નારી શક્તિનો મહિમા દસે દિશામાં પ્રગટાવીએ એ જ ચુકાદાનો અર્થ અને મર્મ નીકળે છે..!"

- નિમિત્ત માત્ર

# મેયર પ્રવિણ પટેલે વ્હીપનો ભંગ કર્યો નથી

## નામોનિર્દિષ્ટ અધિકારીએ ૧૫ મુદતો પછી પક્ષાંતર ધારાભંગની અરજી કાઢી નાખી : કોંગ્રેસને કાનૂની લડાઈમાં મોટી બીજી ધોબી પછાડ મળી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણ પટેલ દ્વારા કોંગ્રેસ પક્ષ દ્વારા આપવામાં આવેલ વ્હીપનો ભંગ નહિ થતો હોવાનું જણાતા નામોનિર્દિષ્ટ અધિકારીની અદાલતે કોંગ્રેસની અરજી કાઢી નાખી છે.

આજે કોંગ્રેસને સતત બીજીવાર મેયર સાથેની પક્ષાંતર ધારા ભંગની અરજી રદ કરવામાં આવતાં પક્ષને ભારે મોટો ફટકો પડ્યો છે. અગાઉ પણ તત્કાલીન મેયર મહેન્દ્રસિંહ રાણા સામે આવી ફરિયાદ કરવામાં આવી હતી પરંતુ કાનૂની મુદ્દાઓ તેમના ટક્યા નહોતા.

સવા વર્ષ અગાઉ મેયર પ્રવિણ પટેલ સાથે પક્ષાંતર ધારા ભંગની કલમ-૩ અન્વયે આ અરજી દાખલ કરવામાં આવી હતી.

આ કેસમાં ૧૫ વખત મુદતો પડી હતી અને ૨૭-૪-૧૭ના રોજ તેની આખરી સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

૨૬ પાનાના ચુકાદામાં નામોનિર્દિષ્ટ અધિકારીએ એવુ ટાંક્યુ છે કે જે મેન્ડેટ આપવામાં આવેલ છે તેમાં મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના સભ્યોના નામોની વિગત નથી.



ચુકાદામાં કોંગ્રેસ પક્ષ દ્વારા રજુ કરાયેલ સભાની વિડીયોગ્રાફીને પણ દસ્તાવેજી પુરાવો ગણી ચકાસવામાં આવી હતી પરંતુ મેન્ડેટના વંચાણમાં પણ નામનો કોઈ જ ઉલ્લેખ પદાધિકારી તરીકે જે ઉમેદવાર છે તેનો થયો નથી તેવુ સ્પષ્ટ જણાવ્યું છે.

અરજદારની વિવાદ અરજી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી તેવો એક લીટીનો હુકમ નામોનિર્દિષ્ટ અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે.

ત્રણ માસથી આ ચુકાદાની રાહ જોવાતી હતી અને ૧૯મીએ આ ચુકાદો આપી તેમના નિર્ણયની જાણ રજીસ્ટર્ડ પોષ્ટ એ.ડી.થી અરજદાર અને સામાવાળાને કરવામાં આવી છે.

આ કેસમાં પ્રવિણ પટેલ વતી શહેરના જાણીતા વકીલ કમલનયન બ્રહ્મભટ્ટે રજુઆતો કરી હતી તો અરજદાર વતી હાઈકોર્ટના વકીલ ચાંપાનેરીએ રજુઆતો કરી હતી.

કોંગ્રેસ પક્ષે આ અરજી તૈયાર કરતાં પૂર્વ ભારે કાનૂની પરામર્શ કર્યો હતો. પરંતુ સામાન્ય ક્ષતિઓ તેની બહાર આવવા પામી છે. સતત બીજા મેયર સામે પણ કાનૂની લડતમાં કોંગ્રેસને ભારે મોટી પછડાટ મળી છે.

### ચુકાદો એ જનતાની લાગણીનો વિજય છે : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૨૨

નામોનિર્દિષ્ટ અધિકારીએ પક્ષાંતર ધારાભંગની ફરિયાદનો ચુકાદો આપ્યા બાદ પ્રતિક્રિયા આપતા મેયર પ્રવિણ પટેલે જણાવ્યું છે કે જનતાની લાગણીનો વિજય છે. તેમણે જણાવ્યું હતું કે આ ચુકાદાને હું આવકારૂ છુ. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતુ કે મારૂ નગરસેવાનું કાર્ય ચાલુ જ છે અને ચાલુ રહેશે.

### ચુકાદો અપૂર્ણ છે, હવે, અમે હાઈકોર્ટમાં પડકારીશુ : બિહોલા

ગાંધીનગર, તા. ૨૨

કોંગ્રેસ પક્ષે પક્ષાંતર ધારા ભંગની કરેલી અરજીના ચુકાદાને અપૂર્ણ હોવાનું જણાવી તેને હાઈકોર્ટમાં પડકારવાનો નિર્ણય કરેલ છે.

મનપા કોંગ્રેસ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યું હતુ કે ચુકાદો અપેક્ષિત હતો તેવો જ આવ્યો છે. ચુકાદામાં પક્ષાંતરને લગતી વાતનો ઉલ્લેખ નથી તેમજ માત્ર વ્હીવનો ભંગ કર્યો નથી તેવુ જણાવી અરજી કાઢી નાખવામાં આવી છે જે અપૂર્ણ ચુકાદો છે.

આ સામે અમે હાઈકોર્ટમાં જઈશુ અને આગામી ટુંક જ સમયમાં અમે અમારી અરજી દાખલ કરી દેશુ. બિહોલાએ જણાવ્યુ છે કે લોકોને ખબર છે કોણ શું ખોટુ કર્યુ છે અને અમને લોકો પર વિશ્વાસ છે કે પાટલી બદલુઓને તે ક્યારેય સ્વીકારતી નથી.





મહાવીર જયંતિ - પાવન પર્યુષણ પર્વના પાંચમાં દિવસે ભગવાન મહાવીર જન્મ કલ્યાણક સંદેશનું વાંચન ભાવપૂર્વક થયું હતું... સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે ભગવાન મહાવીરનો જન્મોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો હતો... ઉત્સવના પ્રારંભે પારણું ઝુલાવવાની ઉછામણીમાં શ્રાવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો... પારણું ઝુલાવવા ભાવિકોએ ભાવપૂર્વક લાભ લીધો હતો... પર્યુષણ પર્વમાં મહાવીર જયંતિનો મહિમા ખૂબ જ હોય છે... જૈન સમુદાય વહેલી સવારથી જ પૂજન-અર્ચન દ્વારા મહાવીર ભગવાનના ગુણગાન વ્યક્ત કરે છે... મહારાજ ભગવંતો મહાવીર ભગવાનના જન્મકલ્યાણક સંદેશાનું ભાવપૂર્વક વાંચન કરે છે... અને ત્યારબાદ ઉત્સાહપૂજવક જન્મોત્સવ ઉજવાય છે. મહાવીર જયંતિની સાંજથી અઢાઈ તપસ્વીઓની જાહેરાત વિધિવત રીતે કરાય છે... શહેરમાં આજે જૈન દેરાસર સેક્ટર-૨૨ ખાતે જૈન પરિવારો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા....

# ભુવનેશ્વર યુવક મંડળ આયોજિત ગણેશોત્સવમાં શ્રીજીની ભકિત વંદના સાથે સેવાનો સમન્વય

## આઠમા વર્ષે ગણેશોત્સવની ઉજવણી સાદગીપુર્ણ કરી બચતની રકમનો ચેક બનાસકાંઠાના પુરપીડીતો માટે સુપ્રત કરશે

ગાંધીનગર તા ૨૨

સે- ૬ ભુવનેશ્વર યુવક મંડળ દ્વારા આ વર્ષે ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે નહીં. યુવક મંડળે ઉત્સવમાં થતા ખર્ચની રકમ બનાસકાંઠાના પુરપીડીતો માટે મુખ્યમંત્રીને સુપ્રત કરવાનો ઉમદા નિર્ણય લીધો છે. અંદાજિત રૂ ૫ લાખની રકમનો ચેક પુરપીડીતોની મદદ માટે સરકારને આપવામાં આવશે. જયારે અગાઉ પણ યુવક મંડળ દ્વારા પુરગ્રસ્તો માટે ૧૦હજાર ફુડ પેકેટ તૈયાર કરાયા હતા. આ ઉપરાંત સાડી અને કપડા સહીતની ચીજવસ્તુઓની ૧૦હજાર કીટ પણ યુવક મંડળ દ્વારા તૈયાર કરવામાં આવી છે. યુવક મંડળ છેલ્લા સાત વર્ષથી ધમાકેદાર રીતે ગણેશોત્સવની ઉજવણી કરે છે. આ દરમિયાન વૈવિધ્યસભર સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમનુ પણ આયોજન કરવામાં આવે છે.જયારે આ વર્ષે માત્ર શ્રીજીની મુર્તિનુ સ્થાપન તેમજ પુજા

● અનુસંધાન પાન-૭ પર

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, કોબા ગ્રામ પંચાયતની હદમાંથી ૫ (પાંચ) ગાયો તેમજ ૪ (ચાર) વાછરડાં ગ્રામ પંચાયતના ઢોર ડબ્બામાં રાખવામાં આવેલ છે. તો જે પશુપાલકના હોય તે તાત્કાલિક ધોરણસરનો દંડ ભરી છોડાવી જવાની જાણ કરવામાં આવે છે. કોઈ પશુપાલક કે માલિક છોવાડી ન જાય તો ગ્રામ પંચાયતને મળેલ અધિકાર પરત્વેની આગળની ઘડતી કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી છે.

સહી/-
સરપંચ
કોબા ગ્રામ પંચાયત
કોબા, તા.જી. ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# શહેરના સે-૨૪ અને ઈન્દ્રોડામાંથી સ્વાઈન ફલુ પોઝીટીવના દર્દી મળ્યા

## શહેરના દર્દીઓનો આંક ૨૨ થયો : ૩ના મોત થયા છે : નવ દર્દી સારવાર હેઠળ છે : ૧૦ને રજા આપી દેવાઈ છે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાંથી આજે સ્વાઈન ફલુ પોઝીટીવના વધુ બે દર્દી મળી આવતાં શહેરમાં દર્દીઓની સંખ્યા વધીને ૨૨ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરના સે-૨૪ના છાપરા વિસ્તારમાંથી ૫૦ વર્ષીય આધેડને આજે સ્વાઈન ફલુ પોઝીટીવ જણાઈ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જયાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા ગામની એક ૬૦ વર્ષીય વૃધ્ધાને પણ આજે સ્વાઈન ફલુ પોઝીટીવ પરીક્ષણ દરમિયાન જણાઈ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી અત્યાર સુધીમાં ૨૨કેસ મળી આવ્યા છે. આ પૈકી હાલ નવ દર્દી સારવાર હેઠળ છે. જયારે ૧૦ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

શહેરમાં સ્વાઈન ફલુથી અત્યાર સુધીમાં ૩ દર્દીના મોત નીપજયા છે જે ઉલ્લેખનીય છે.

મનપા દ્વારા શહેરી વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યું છે.

### ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ ૩ કેસ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફલુના પોઝીટીવ કેસ વધુ ૩ મળતાં જિલ્લાનો દર્દીનો આંક ૭૯ પર પહોંચ્યો છે.

જિલ્લામાંથી ૩ કેસ પોઝીટીવ મળ્યાનું રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના માણસા તાલુકાના વેડા ગામેથી એક કેસ પોઝીટીવ જણાયેલ છે જ્યારે અન્ય એક કેસ દહેગામમાંથી મળી આવેલ છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ૮ દર્દીઓ આજે સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૦ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ઓગષ્ટ માસ દરમ્યાન ૬૨ કેસ સ્વાઈન ફલુ પોઝીટીવના મળી આવ્યા છે. જિલ્લામાં સ્વાઈન ફલુથી અત્યાર સુધીમાં ૧૨ વ્યક્તીઓના મોત નીપજ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# પાલજ અને બાસણમાં નદી કિનારાના મંદિરોનુ ધોવાણ અટકાવવા દિવાલ બનશે

## દિવાલ તેમજ પત્થર પીચીંગની કામગીરી પાછળ એક કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના શહેરમાં સમાવિષ્ટ પાલજ અને બાસણ ગામમાં અંબાજી તેમજ ચામુંડા મંદિર સહીત નદીના કોતર વિસ્તારમાં ધોવાણ અટકાવવા માટે તંત્ર દ્વારા કમ્પાઉન્ડ વોલ તેમજ પીચીંગનુ કામ હાથ ધરાશે. આ માટે અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થશે. ગત વરસાદી દિવસોમાં પણ કોતર વિસ્તારમાં મકાનોને નુકશાન થયુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. નદી કિનારાના ગામોમાં મંદિરોને થતા નુકશાનને અટકાવવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

ગાંધીનગર જિલ્લામાં ભારે વરસાદના લીધે ગ્રામ્ય વિસ્તારમાં પણ નુકશાની થઈ છે. જયારે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ પાણી ઘસી આવતા ગ્રામજનાને નુકશાની વેઠવાનો વારો ઓવ્યો છે. ભારે વરસાદના સંજોગોમાં અગાઉ ઈન્દ્રોડા ગામમાં પ્રકૃતિ ઉદ્યાનની વોલ તુટી પડતા કાચા મકાનનો એક ભાગ દબાઈ ગયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com